# BUSINESS મિત્ર

## બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 355.12 લાખ કરોડ પર પહોંચ્યું

# ભારતીય શેરબજારમાં તેજી ચાલુ રહી, ઇન્ટ્રાડેમાં નિફ્ટીએ 24600ની સપાટી કુદાવી

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 15:** આઈટી શેરોની આગેવાની હેઠળ શેરબજારમાં તેજી સાથે શરૂઆત થઈ હતી. બાદમાં એસબીઆઈની આગેવાની હેઠળ પીએસયુ બેન્ક શેરોમાં લેવાલીએ ઉછળ્યા હતા. જેના લીધે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 2.74 લાખ કરોડની વૃદ્ધિ થવા પામી હતી. જેમાં ઓઈલ એન્ડ ગેસ, એનર્જી, રિયલ્ટી અને ફાર્મા શેરોમાં તેજી જોવા મળી હતી. જ્યારે શરૂઆત આઈટી શેરો વધ્યા હતા, પણ પાછળથી નફાવસુલીના પગલે ઘટયા હતા. તેની સાથે કેપિટલ ગુડઝ શેરોમાં પણ નફાવસુલી જોવા મળી હતી.

આજે સેન્સેક્સ અને નિફ્ટીએ નવી વિક્રમી સપાટી બનાવી હતી. જે નિફ્ટી ઓલટાઈમ હાઈ 24635.05 પોઈન્ટની વિક્રમી સપાટી બનાવી હતી.

આજે બીએસઈ લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપ રૂ. 455.12 લાખ કરોડ પર પહોંચી ગયો છે.

જ્યારે ગત સેસનમાં રૂ. 452.38 લાખ કરોડ વધ્યા છે. આજે 304 શેરોએ બાવન વીકની ઉંચાઈ હાંસલ કરી હતી, જ્યારે નીચામાં 34 શેરોએ બાવન વીકના નીચલા સ્તરે પહોંચી ગયા હતા.

### રૂપિયામાં ઘટાડો

અમદાવાદ, તા. 15: કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો નવી નીચી સપાટીએ પહોંચ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 6 પૈસા ઘટીને 83.60ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યે ગત સેસનમાં ડોલરની સામે રૂપિયો 83.54ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 91.17, પાઉન્ડ 108.44, કેનેડિયન ડોલર 61.24, ઓસ્ટ્રેલિયન ડોલર 56.60, જાપાનીઝ યેન 0.5288 અને સીંગાપોર ડોલર 62.26ના સ્તરે બંધ રહ્યા હતા.

### સેન્સેક્સ 145 પોઈન્ટ અને નિફ્ટી 86 પોઈન્ટ વધ્યા

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 145.52 પોઈન્ટ એટલે કે 0.18 ટકા વધીને 80664.86 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 80862.54 પોઈન્ટના સ્તર સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 80557 પોઈન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી 84.55 પોઈન્ટ એટલે કે 0.35 ટકા વધીને 24550 પોઈન્ટ સુધી ઉછળીને કુદાવીને હતી અને છેલ્લે 24586.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટીએ 24635 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24523 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 177 પોઈન્ટ એટલે કે 0.34 ટકા વધીને 52455.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે જ્યુબીલન્ટ ફાર્મોવામાં 151.85 ગણા, ગોડફ્રે ફીલિપ્સમાં 8.15 ગણા, તાન્લા પ્લેટફોર્મમાં 6.05 ગણા, ઝેન્સર ટેકનોમાં 4.75 ગણા અને વીઆઈપી ઈન્ડ.માં 4.25 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ગોડફ્રે ફિલીપ્સમાં 33.25 ગણા, તાન્લા પ્લેટફોર્મમાં 27.07 ગણા, એરીસ લાઈફસાયન્સીસમાં 25.05 ગણા, રૂટ મોબાઈલમાં 7.74 ગણા અને સીઈ ઈન્ફોમાં 7.03 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નીચલા સ્તરથી સુદારો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.95 ટકા વધ્યો હતો અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.21 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત જોવાયું હતું. બીએસઈ ખાતે 2039 શેરો વધ્યા હતા, જ્યારે 2001 શેરો ઘટયા હતા અને 128 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 3.07 ટકા વધ્યો હતો. જેમાં ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, પંજાબ એન્ડ સિંધ બેન્ક, કેનેરા બેન્ક, યુકો બેન્ક, સેન્ટ્રલ બેન્ક, ઈન્ડિયન બેન્ક, બેન્ક ઓફ બરોડા, પીએનબી અને બેન્ક ઓફ ઈન્ડિયા ઉછળ્યા હતા.

### એશિયન બજાર મિશ્ર અને યુરોપિયન બજારોમાં ઘટાડો

યુરોપિયન બજારોમાં આજે વેચવાલી જોવા મળી હતી, જ્યારે એશિયન બજારોમાં મિશ્ર રીતે સમાપ્ત થયા હતા, કારણ કે વૈશ્વિક બજારો અમેરિકાના ભૂતપુર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર હત્યાના પ્રયાસની અસરનું મુલ્યાંકન કરે છે.

બીજા ત્રિમાસિક ગાળામાં ચીનનો આર્થિક વિકાસ અપેક્ષાથી ઓછો રહ્યો હતો, જેના કારણે સેન્ટિમેન્ટ નબળું પડ્યું હતું. દેશનો જીડપી વાર્ષિક ધોરણે 4.7 ટકા વધ્યો છે, જે અગાઉના ત્રિમાસિક ગાળાના 5.3 ટકાથી ધીમો છે.

વધુમાં ટ્રમ્પની હત્યાના પ્રયાસ બાદ યુએસના રાજકારણને લગતી અનિશ્ચિતતાએ બજારની અસ્થિરતામાં વધારો કર્યો હતો.યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.39 ટકા, કેક 0.73 ટકા અને ડેક્સ 0.48 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી સપાટ, સ્ટ્રેઈટસ 0.06 ટકા, કોસ્પી 0.14 ટકા અને શાંઘાઈ 0.09 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. હેંગસેંગ 1.54 ટકા, તાઈવાન 0.16 ટકા અને જકાર્તા 0.67 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 145.52 | 80664.86 |
| નિફ્ટી | 84.55 | 24586.70 |
| બેન્ક નિફ્ટી | 177.00 | 52455.90 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઓએનજીસી | 5.01 | 322.50 |
| એસબીઆઇ લાઇફ | 3.24 | 1613.45 |
| શ્રીરામ ફાઇનાન્સ | 3.15 | 2882.30 |
| બજાજ ઓટો | 2.57 | 9673.35 |
| ડો. રેડ્ડીઝ લેબ | 1.12 | 6794.75 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એલટીઆઇ માઇન્ડટ્રી | 1.70 | 5478.15 |
| એશિયન પેઇન્ટસ | 1.42 | 2956.50 |
| ગ્રાસીમ ઇન્ડ. | 1.41 | 2803.75 |
| તાતા સ્ટીલ | 1.14 | 166.75 |
| એક્સીસ બેન્ક | 0.75 | 1307.45 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબીઆઇ | 2.55 | 881.60 |
| એનટીપીસી | 2.23 | 385.65 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.98 | 11831.15 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.96 | 2730.15 |
| આઇટીસી | 0.83 | 462.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એશિયન પેઇન્ટસ | 1.44 | 2956.45 |
| તાતા સ્ટીલ | 1.13 | 166.80 |
| એક્સીસ બેન્ક | 0.77 | 1307.65 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 0.44 | 930.30 |
| ટેક મહિન્દ્રા | 0.43 | 1498.85 |

# સુધારા લક્ષી મજબૂત બજેટની આશામાં વધારાની શક્યતા છે

**સ્ક્રીપ સ્કેન**
**સુનિલ બહેકી**

**નિફ્ટી ફ્યુચરઃ છેલ્લો બંધ 24622.** જો નિફ્ટી 24400ની સપાટીથી ઉપર રહેશે તો તેમાં આવતા એક અઠવાડિયામાં 24750, 24880ની સપાટી સુધી તબક્કાવાર ઉપર જવાની ઉચ્ચ શક્યતા છે.

**ટાટા મોટરઃ છેલ્લો બંધ 1028.25.** ઈન્ટ્રાડે ઘટાડાનો ઉપયોગ આ શેરની ખરીદી માટે કરવો, સ્ટોપ લોસ રૂ. 1008 રાખવો. ઉપરની તરફ તે રૂ. 1049 સુધી જઈ શકે છે જો તેનાથી ઉપર જળવાઈ રહેશે તો રૂ. 1077, રૂ. 1100 સુધીની શોર્ટ કવરીંગ થશે.

**અપોલો એચઓએસપીઃ છેલ્લો બંધ 6442.** આ શેર માટે શોર્ટ ટર્મની આગાહી વધારાની છે. તે સતત ઉપર જવાનું ચાલુ રાખશે અને આવનારા સત્રોમાં પ્રાઈસ ટાર્ગેટ રૂ. 6522 અને રૂ. 6587, રૂ. 6650ને હિટ કરશે. ટ્રેડર્સ સ્ટોપ લોસ રૂ. 6380 રાખી શેર ખરીદી સકે છે.

**એસબીઆઈઃ છેલ્લો બંધ 884.80.** કોઈ પણ ઘટાડાને ખરીદી માટેની સારી તક ગણવી. સ્ટોપ લોસ રૂ. 871 રાખી ખરીદી કરવાની સલાહ છે. ટેક્નીકલી શેર ઝડપથી રૂ. 901 સુધી જશે જો તેને વટાવશે તો રૂ. 918 સુધી જશે!

**વેદાંતાઃ છેલ્લો બંધ 460.80.** ઈન્ટ્રાડે ઘટાડાનો ઉપયોગ શેરની ખરીદી માટે કરવો સ્ટોપ લોસ રૂ. 452 રાખવો. ઉપરની તરફ શેર રૂ. 475 સુધી જશે, જો તેનાથી ઉપર રહેશે તો રૂ. 488, રૂ. 500 સુધી શોર્ટ કરવરીંગ થશે.

**પેટ્રોનેટ એલએનજીઃ છેલ્લો બંધ 350.70.** આ શેર માટે શોર્ટ ટર્મની આગાહી વધારાની છે. તે સતત ઉપર જવાનું ચાલુ રાખશે અને આવનારા સત્રોમાં પ્રાઈસ ટાર્ગેટ રૂ. 366 અને રૂ. 385, રૂ. 6650ને હિટ કરશે. ટ્રેડર્સ સ્ટોપ લોસ રૂ. 337 રાખી શેર ખરીદી શકે છે.

**ગેલઃ છેલ્લો બંધ 237.75.** શેરમાં આવનારા સત્રોમાં ઉપર જઈને રૂ. 252 અને રૂ. 260 સુધી જવાની ક્ષમતા છે. ટ્રેડર્સ રૂ. 228 સ્ટોપલોસ રાખી ખરીદી કરી શકે છે.

**એસીસીઃ છેલ્લો બંદ 2705.50.** શોર્ટ ટર્મ દ્રષ્ટીકોણ સાથેના ટ્રેડર્સ ઘટાડા પર લાંબા સમય માટે જઈ શકે છે, સ્ટોપ લોસ રૂ. 2670 રાખવો. ઉપરની તરફ તે રૂ. 2742 સુધી જઈ શકે છે. જો તેનાથી ઉપર ટ્રેડ કરશે તો રૂ. 2778, રૂ. 2820 સુધી જશે!

**રોકાણકારો માટે શેર**

**એમઆરપીએલઃ છેલ્લો બંધ 240.95.** શોર્ટ ટર્મ-લોંગ ટર્મ માટે આ સારું રોકાણ છે. આ શેરને ઝડપી લેવો અને રોકાણ કરી રાખવું સ્ટોપલોસ રૂ. 227 રાખવો, અપર ટાર્ગેટ રૂ. 272, જો તેને વટાવશે તો શેર રૂ. 295 સુધી જશે.

**બેન્ક ઓફ મહારાષ્ટ્રઃ છેલ્લો બંધ 68.75.** સ્ટોપ લોસ રૂ. 62 રાખી નવી ડિલીવરી બેસ ખરીદી કરવા પર વિચાર કરવો. શોર્ટ ટર્મમાં ઉપરની તરફ તે રૂ. 77 અને રૂ. 88 સુધી જાય એવી અપેક્ષા છે.

**નોંધઃ** ભલામણો ટેક્નીકલ વિશ્લેષણો પર આધારીત છે. ટ્રેડીંગમાં નુકસાનનું જોખમ છે.

# રોકડની તાત્કાલિક જરૂરિયાતને શેર દ્વારા પણ પૂરી કરી શકાશે!

નવી દિલ્હી, તા. 15: ઓછા સમય માટે નાણાની તાતી જરૂરિયાત હોય તો તમે તમારા હિસ્સાથી આ જરૂરિયાત પૂરી કરી શકો છો. જેમાં શેર વેચવાની સલાહ આપી રહ્યા નથી. તમે તમારા શેર વેચ્યા વિના રોકડની તાત્કાલિક જરૂરિયાતને પૂર્ણ કરી શકો છો. વાસ્તવમાં શેર વેચવાને બદલે શેર સામે લોન લઈ શકાય છે. તમારે તમારા શેર વેચવાની જરૂર નથી, તે ધિરાણ આપતી નાણાકીય સંસ્થાને કોલેટરલ સિક્યુરિટી તરીકે આપવાના રહેશે.નાણાકીય સંસ્થાઓ લોનની સુરક્ષાના બદલામાં ઓવરડ્રાફ્ટ સુવિધા પ્રદાન કરે છે. જ્યારે તમને અમુક હદ સુધી પૈસાની જરૂર હોય ત્યારે તમે પૈસાનો ઉપયોગ કરી શકો છો. સવાલ એ આવે છે કે પૈસા પરનું વ્યાજ કેવી રીતે માનવામાં આવે છે. વ્યાજ ફક્ત વપરાયેલી રકમ અને વપરાયેલા દિવસોની સંખ્યા પર જ લેવામાં આવે છે.

હવે લોનની રકમ ચૂકવવાની વાત કરો, તો આ રકમ કોઈપણ પેનલ્ટી વગર ચૂકવી શકાય છે. સામાન્ય રીતે લોનની આ રકમ ચૂકવવા માટે એક વર્ષનો સમયગાળો આપવામાં આવે છે. જો કે આ લોનને રિન્યૂ કરવાની સુવિધા પણ ઉપલબ્ધ છે. તમને આ સુવિધા થોડી કિંમત ચૂકવ્યા પછી મળે છે. આ રકમને ફી તરીકે લઈ શકાય છે.

# ઝોમેટોના સીઈઓ દીપિન્દર ગોયલ અબજોપતિની કલબમાં

**કંપનીની** માર્કેટ કેપ રૂપિયા 2 લાખ કરોડને પાર

મુંબઈ, તા. 15: ઓનલાઈન ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ ઝોમેટો લિમિટેડના શેરે આજે ઓલટાઈમ હાઈ બનાવ્યો હતો. ટ્રેડિંગ દરમિયાન કંપનીનો શેર 3 ટકાથી વધુ વધીને 232 રૂપિયાની ઉંચી સપાટી પર પહોંચી ગયો છે. આ સાથે ઝોમેટોના સંસ્થાપક અને સીઈઓ દીપિંદર ગોયલની કંપનીમાં ભાગીદારીની કિંમત હવે 1 અબજ ડોલરથી વધુ થઈ ગઈ છે.

ટ્રેડિંગના અંતે પણ ઝોમેટોનો શેર 3.05 ટકાના વધારા સાથે 229.25 રૂપિયા પર બંધ થયો હતો. સાથે જ બિઝનેસ દરમિયાન કંપનીની માર્કેટ કેપ પણ 2 લાખ કરોડ રૂપિયાને પાર કરી ગઈ હતી.

એક દિવસ પહેલા જ કંપનીએ પ્લેટફોર્મ ફીમાં 20 ટકાનો વધારો કરવાની જાહેરાત કરી હતી. આ કારણે કંપનીના શેરમાં આ તેજી જોવા મળી રહી છે. ઝોમેટોનું માર્કેટ કેપિટલાઈઝેશન 1.99 લાખ કરોડ રૂપિયા છે.

માર્ચ ક્વાર્ટરના શેરહોલ્ડિંગ પેટર્ન મુજબ, ગોયલ પાસે ઝોમેટોના 36,94,71,500 શેર હતા, જે કંપનીમાં 4.26 ટકા હિસ્સાની સમકક્ષ છે.

બીએસઈ પર આજે કંપનીનો શેર 232 રૂપિયાની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો, આ સાથે ગોયલના 36.94 કરોડ શેરની કિંમત 8,571.74 કરોડ રૂપિયા અથવા 1.02 અબજ ડોલર હતી.

ઝોમેટોના સ્ટોકે છેલ્લા 5 દિવસમાં 8.08 ટકા, એક મહિનામાં 20.21 ટકા, 6 મહિનામાં 69.96 ટકા અને એક વર્ષમાં 182.88 ટકા રિટર્ન આપ્યું છે. કંપનીએ જાન્યુઆરીથી લઈને અત્યાર સુધી શેરધારકોને 69.96 ટકા રિટર્ન આપ્યું છે.

# સરકારે ક્રુડ ઓઇલ પરનો વિન્ડફોલ ટેક્સ વધાર્યો, રૂ. 7000 પ્રતિ ટન કર્યો

નવી દિલ્હી, તા. 15: ભારત સરકારે ક્રુડ ઓઇલ પરનો વિન્ડફોલ ટેક્સ 6000 રૂપિયાથી વધારીને 7000 રૂપિયા પ્રતિ ટન કર્યો, જે સોમવારે જારી કરવામાં આવેલા એક નોટિફિકેશન અનુસાર આવતીકાલથી લાગુ થશે. આ પહેલા 1 જુલાઇના રોજ સરકારે ઘરેલુ ઉત્પાદિત કાચા તેલ પર વિન્ડફોલ ટેક્સ વધારીને 6000 રૂપિયા કરી દીધો છે. ભારતે 1 જુલાઇ, 2022ના રોજ પ્રથમ વખત વિન્ડફોલ પ્રોફિટ ટેક્સ લાધો હતો, જેમાં ઊર્જા કંપનીઓના અતિસામાન્ય નફા પર કર લાદવામાં આવતા ઘણા રાષ્ટ્રોમાં જોડાયા હતા. પાછલા બે અઠવાડિયામાં તેલના સરેરાશ ભાવોના આધારે દર પખવાડિયે કરના દરોની સમીક્ષા કરવામાં આવે છે.

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૬૯૦ | કોપરેલ | ૩૦૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૪૯૦ | વનસ્પતિ ઘી | ૧૮૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૮૦ | સનફ્લાવર | ૧૭૦૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૧૮૯૦ | તલતેલ | ૬૪૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૧૭૬૦ | દિવેલ | ૨૨૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૬૬૦ | મકાઇ તેલ | ૧૯૫૦ |
| સરસીયું તેલ | ૨૩૦૦ | | |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૭૫૪૯૦ |
| તેજાબી સોનું | ૭૫૪૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૭૧૭૧૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૭૩૯૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૭૫૪૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૯૪૨૭૦ |
| ચાંદી સિક્કા | ૯૫૭૭૦ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૨૦૦ |
| એમ-30 | ૪૧૫૦ |
| એસ-30 | ૪૦૫૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૦૫૦ |
| એસ-30 | ૪૯૫૦ |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ” | ૧૨૭ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૨ | ૫૦/૩૬ ” | ૧૩૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૦ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૫ |
| ૬૮/૩૬ | ૧૩૩ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૩૦ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૨ | ૧૦૦ ટેક્ષ | ૧૨૯ | ૬૮ ક્રિમ્પ | ૧૨૯ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૭ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૦.૨૫ | ૭૫ ક્રિમ્પ | ૧૨૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૪ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૧.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૨૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૯ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૧.૫ | ૮૦/૭૨ રોટો | ૧૩૩ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૮ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૮ | ૮૦/૧૦૮ ” | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

# વેદાંતાએ ક્યુઆઈપી લોન્ચ કર્યો, ફલોર પ્રાઈઝ રૂ. 461.26

મુંબઈ, તા. 15: વેદાંતાના શેરધારકોએ સિક્યોરિટીઝ ઈશ્યૂ કરીને 8,500 કરોડ રૂપિયા સુધીનું ભંડોળ ઊભું કરવાની મંજૂરી 21 જૂને આપી હતી. જે માટે કંપનીએ ફ્લોર પ્રાઈઝ રૂ. 461.36 નિયત કરી છે. આ વ્યૂહાત્મક પગલું વેદાંતાના તેના મૂડી માળખાને શ્રેષ્ઠ બનાવવા અને શેરહોલ્ડર મૂલ્ય વધારવાના ચાલી રહેલા પ્રયાસોનો એક ભાગ છે, જે નાણાકીય વિકાસ અને સ્થિરતા માટે કંપનીની પ્રતિબદ્ધતાને મજબૂત કરે છે, એમ કંપનીએ ઉમેર્યું હતું.

સિટી, જેએમ ફાઈનાન્શિયલ અને નુવામા ક્યૂઆઈપી ઈશ્યૂ માટે નિયુક્ત સંભવિત બેન્કર્સ છે, તેમ કંપનીએ કહ્યું હતું. વેદાંતાએ આગામી ત્રણ વર્ષમાં તેના એકલ દેવામાં 3 અબજ ડોલરનો ઘટાડો કરવાનું લક્ષ્ય રાખ્યું છે ત્યારે આ પગલું લેવામાં આવ્યું છે.

વેદાંતાએ 31 માર્ચ સુધીમાં ચોખ્ખું દેવું ઘટાડીને રૂ. 56,338 કરોડ નોંધાવ્યું હતું, જે અગાઉના ત્રણ મહિના કરતાં રૂ.6,155 કરોડ ઓછું હતું.

ગયા મહિને વેદાંતાની પેટાકંપની ફિનસાઈડર ઈન્ટરનેશનલે પ્રતિષ્ઠિત સંસ્થાકીય રોકાણકારોના જૂથને ખાણ જૂથમાં રૂ.4,379.7 કરોડની કિંમતના રૂ.2.6 ટકા શેરહોલ્ડિંગ વેચવાની તેની એક બેન્કની દરખાસ્ત સ્વીકારી હતી. માઈનિંગ જૂથ વેદાંતા લિમિટેડે 15 જુલાઈના રોજ ઈશ્યૂ માટે ફ્લોર પ્રાઈસને મંજૂરી આપવાની જાહેરાત કરી હતી, જે ઈક્વિટી શેર દીઠ રૂ. 461.26 છે.

# 2030 સુધીમાં ભારતમાં 7 ટ્રિલિયન ડોલરની રિટેલ ડિજિટલ ચુકવણી થશે

નવી દિલ્હી, તા. 15: ભારતમાં રિટેલ ડિજિટલ પેમેન્ટ 2030 સુધીમાં વર્તમાન સ્તરથી બમણું થઈને 7 ટ્રિલિયન ડોલર થવાની ધારણા છે, એમ એક અહેવાલમાં જણાવાયું છે. હાઉ અર્બન ઇન્ડિયન્સ પે રિપોર્ટમાં કેર્ની અને એમેઝોન પેના એક્ઝિક્યુટિવ્સે જણાવ્યું હતું કે ઓનલાઇન ખરીદીમાં ડિજિટલ પેમેન્ટને મજબૂત રીતે અપનાવવાથી ગ્રાહકોની વર્તણૂકમાં કાયમી પરિવર્તન લાવવાની સંભાવના છે, જે ઓફલાઇન ખરીદીને પણ વેગ આપશે. સર્વેક્ષણમાં સામેલ 90 ટકા લોકોએ ઓનલાઇન શોપિંગ કરતી વખતે ડિજિટલ પેમેન્ટને પ્રાધાન્ય આપ્યું હતું, જ્યારે સૌથી વધુ ડિજિટલ પેમેન્ટ વપરાશ ધરાવતા સમૃદ્ધ ગ્રાહકો આગળ આવ્યા હતા.

આવા ગ્રાહકો તેમના 80 ટકા વ્યવહારો માટે ડિજિટલ ચુકવણીના વિવિધ માધ્યમોનો ઉપયોગ કરે છે. આ અભ્યાસ 120 શહેરોમાં 6,000થી વધુ ગ્રાહકો અને 1,000થી વધુ વેપારીઓ વચ્ચે ઓફલાઇન અને ઓનલાઇન બંનેમાં હાથ ધરવામાં આવેલા ઓનલાઇન સર્વેક્ષણ પર આધારિત છે.

### સુડોકુ ૬૭૦૬ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | ૫ | ૩ |
| | ૭ | | | ૨ | ૩ | ૪ | | ૯ |
| ૪ | ૩ | | | ૯ | | | | |
| | ૪ | ૮ | ૭ | ૬ | | ૯ | | |
| ૧ | | ૭ | ૯ | | | ૬ | | ૮ |
| ૩ | | ૯ | ૮ | ૪ | ૧ | ૫ | ૨ | |
| ૯ | | ૪ | | ૭ | | ૨ | | ૫ |
| | | | ૧ | | | | | ૬ |
| ૬ | | | | | ૯ | ૧ | ૭ | ૪ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**ઝાડા ઉલટી**

ખાટી અમલી ના સૂકા પાન, હરડે ચૂર્ણ, ત્રિકટુ, સિંધવ મીઠું, વાવડીંગ, જીરું, શાહ જીરું, અજમો, સંચળ બધું સમ ભાગે લઈ વાટી ચૂર્ણ કરવું. તેમાથી એક ચમચી ચૂર્ણ છાશ માં દર કલાકે આપવું

## આજનું પંચાંગ

**તા. 16/07/2024, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2080 **શાકે :** 1946
**વીર સંવત :** 2550 **માસ :** અષાઢ
**તિથિઃ** સુદ : દસમ: 20:34, પુનર્યાત્રા
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ:25
**નક્ષત્ર :** વિશાખા : 26:14
**યોગઃ** સાધ્ય **કરણઃ**તૈતિલ
**રાશિ :** તુલા (ર.ત.) 19:52 પછી વૃશ્ચિક (ન,ય)
**દિવસ :** સૂર્ય કર્કમાં 11:20થી
**સુરતમાં સૂર્યોદય :** 06:07 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
**નવકારસી :** 06:55
**પારસીવર્ષ:** 1393, સ્પેન્દારમદ માસનો 06ઠ્ઠો રોજ
**મુસલમાન વર્ષ :** 1446, મોહરમ માસનો 09મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે : 15:00 થી 16:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ.લ.ઇ.):** સામાજિક કામમાં પરિવારનો સાથ મળે. શુભ સમાચાર મળે. સરકારી કામ થાય.

**વૃષભ (બ.વ.ઉ.):** સ્વભાવ ઉગ્ર અને લડાયક રહેશે. અચાનક આવકમાં વધારો થાય. ઘરનાં કામ થાય.

**મિથુન (ક.છ.ઘ.):** પરીક્ષામાં સફળતા મળે. મિત્રોની મદદથી નવા કામની યોજના પાર પડે.

**કર્ક (ડ.હ.):** ઘર કામમાં સાવધાની રાખવી તથા વાહન ધીમે હાંકવું. પ્રવાસમાં ધીરજ રાખવી.

**સિંહ (મ.ટ.):** વિવાદથી દૂર રહેવું. મિત્રોને મદદ રૂપ થશો. ઘરનાં કામમાં વડીલોની મદદ મળે.

**કન્યા (પ.ઠ.ણ.):** ખાણી-પીણીના ધંધામાં આવક વધે. અચાનક શુભ સમાચાર મળે. ધર્મ-કર્મ થાય.

**તુલા (ર.ત.):** નવા વિચારોથી નવી દિશા મળે. પરિવારની સમસ્યાનું સમાધાન મળે.

**વૃશ્ચિક (ન.ય.):** કોઈની વાતોમાં પ્રવાસ દરમિયાન આવવું નહીં. નોકરીમાં પ્રગતિ થાય.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** શેર, સટ્ટા, લોટરી-વાયદામાં ધીરજ રાખવી. પ્રેમમાં અશાંતિ પેદા થાય.

**મકર (ખ.જ.):** આવકમાં વધારો થાય. નોકરીમાં નવી જવાબદારીથી પ્રભાવ વધે. ઉપરીવર્ગનો સાથ.

**કુંભ (ગ.સ.શ.ષ.):** વિદેશ પ્રવાસ અને ઉચ્ચ શિક્ષણ માટે કાયદાકીય માર્ગદર્શન મળે.


**મીન (દ.ચ.ઝ.થ.):** અચાનક નવી યોજનાનો ભાગ બનશો. વિદેશથી શુભ સમાચાર મળે.

### કોઇ પણ સાલમાં 16 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષનો અનુભવ કરાવશે. નોકરી-ધંધા-વ્યવસાયમાં કાર્ય પદ્ધતિ પ્રમાણે ફેરફાર અને સ્થળફેરથી દોડ-ધામ તથા બોજ વધે. વર્ષ દરમિયાન નવી ટેક્નોલોજી અને નવા નિયમો પ્રમાણે ફેરફારની અસર કામ પર પડશે. આરોગ્ય નરમ રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં દોડધામ વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. સમાજ તથા કુટુંબની જવાબદારી નિભાવવી પડશે. વર્ષની મધ્યમાં નવા ઘર, વાહન, મકાનના યોગ બનશે. વારસા, જાયદાદ, જમીન બાબતે વિઘ્નો આવે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને મદદ મળે. મિત્રો-વડીલોની મદદ સંતાનોનાં કામમાં મળે. આવકના પ્રમાણમાં ખર્ચા વધશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈમાં નવી યોજનાનો લાભ મળે. ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં નવી જવાબદારી અશાંતિ પેદા કરશે.

### શબ્દગુંફન - ૬૭૧૭

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. એક ફૂલ (૫)
૪. ખામી, ઘટ, ખોટ (૩)
૬. બધે રખડ્યા કરનાર (૫)
૯. જૂઠની ટેવવાળ (૩)
૧૦. આપવું તે (૨)
૧૧. મિજાજ, આવેશ (૨)
૧૪. પારકું, અન્ય (૨)
૧૫. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૧૬. વળાંકવાળા અક્ષરો (૫)
૧૯. પતિ (૨)
૨૦. લાલચ (૪)
૨૧. ટેક, આબરૂ (૨)
૨૨. એક વાદ્ય, ઢોલ (૩)
૨૪. ઉત્તમ (૨)
૨૬. નાણું (૨)
૨૭. ઢીલ, વિલંબ (૨)
૨૯. દેવ-દેવીએ આપેલું વચન (૪)
૩૧. સૈન્ય, છાવણી (૩)
૩૨. એક ફળ (૩)
૩૩. વેચાણનું નાણું (૩)

**ઊભી ચાવી**

૧. અવાજ, કંઠ, સૂરજ (૨)
૨. સચોટ (૫)
૩. દૂધ-ભાતની એક ગળી વાની (૨)
૪. કુદરતી બરફના કકડા (૨)
૫. સરખું વજનવાળુ (૪)
૭. આધાર (૩)
૮. ધૂન, મસ્તી (૨)
૧૨. ધમધોકાર, ઝપાટાબંધ (૪)
૧૩. આકાશ, ગગન (૨)
૧૪. પારકા પૈસા (૪)
૧૫. હશે, છોને (૨)
૧૭. ગુજરાન માટે કરવાનો કામધંધો (૪)
૧૮. ભાવ, મૂલ્ય (૨)
૧૯. બદલો, વટાવ (૪)
૨૧. રહેઠાણ (૪)
૨૨. નવ લાખનું (૪)
૨૫. બાણ (૨)
૨૬. પિતા (૩)
૨૮. ચીજ, ઘરેણું (૩)
૨૯. વરરાજા (૨)
૩૦. રમતમાં આવતો વારો (૨)

# મોંઘી શાકભાજીના કારણે જૂન મહિનામાં જથ્થાબંધ ફુગાવો 3.36 ટકાની 16 મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો

**સતત** ચોથા મહિને મોંઘવારીમાં વધારો જોવા મળ્યો

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): દેશમાં જથ્થાબંધ ફુગાવો જૂનમાં 3.36 ટકાની 16 મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો કારણ કે ખાદ્ય ચીજવસ્તુઓ, ખાસ કરીને શાકભાજી અને ઉત્પાદિત વસ્તુઓના ભાવમાં વધારો થયો હતો. આ સતત ચોથો મહિનો હતો જ્યારે મોંઘવારીમાં વધારો જોવા મળ્યો હતો. મે મહિનામાં જથ્થાબંધ ભાવ સૂચકાંક (ડબ્લુપીઆઈ) આધારિત ફુગાવો 2.61 ટકા હતો. જૂન 2023માં તે (-) 4.18 ટકા હતો.

ફેબ્રુઆરી 2023માં જથ્થાબંધ ફુગાવો 3.85 ટકાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.

‘જૂન, 2024માં ફુગાવાનો સકારાત્મક દર મુખ્યત્વે ખાદ્ય ચીજવસ્તુઓ, ખાદ્ય ઉત્પાદનોના ઉત્પાદન, ક્રૂડ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, ખનિજ તેલ, અન્ય ઉત્પાદન વગેરેના ભાવમાં વધારો થવાને કારણે છે’, એમ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે સોમવારે એક નિવેદનમાં જણાવ્યું હતું.

આંકડાઓ મુજબ, ખાદ્ય ચીજોનો ફુગાવો જૂનમાં 10.87 ટકા વધ્યો હતો, જે મે મહિનામાં 9.82 ટકા હતો. જૂન મહિનામાં શાકભાજીનો ફુગાવો 38.76 ટકા હતો, જે મે મહિનામાં 32.42 ટકા હતો. આ મહિનામાં ડુંગળીનો ફુગાવો 93.35 ટકા હતો જ્યારે બટાકાનો ફુગાવો 66.37 ટકા હતો. જૂનમાં કઠોળનો ફુગાવો 21.64 ટકા વધ્યો હતો.

આ મહિના દરમિયાન, ફળો જેવી અન્ય ખાદ્ય ચીજોમાં ફુગાવો 10.14 ટકા, અનાજ 9.27 ટકા અને દૂધમાં 3.37 ટકા રહ્યો હતો.

જૂન 2024માં ડબ્લુપીઆઈ ફુગાવામાં વધારો વ્યાપક-આધારિત હતો, જે ઈંધણ અને વીજળી સિવાયના તમામ મુખ્ય સેગમેન્ટ્સ દ્વારા સંચાલિત હતો, આઈસીઆરએના મુખ્ય અર્થશાસ્ત્રી અદિતિ નાયરે જણાવ્યું હતું.

આગળ જોતાં ડબ્લુપીઆઈ ફુગાવો જુલાઈ 2024માં લગભગ 2 ટકા સુધી ઘટવાની અપેક્ષા છે, જે સાનુકૂળ આધાર સાથે જ વૈશ્વિક કોમોડિટીના ભાવમાં થોડા ઘટાડાના કારણે છે, એમ તેમણે કહ્યું હતું.

# આરબીઆઈએ તમામ બેંકો, એચએફસીને ખાતાઓને છેતરપિંડી તરીકે વર્ગીકૃત કરવા માટે નવો પરિપત્ર બહાર પાડ્યો

આરબીઆઈએ તમામ બેંકો, એચએફસી અને એનબીએફસી માટે બોર્ડના આંતરિક ઓડિટ અને નિયંત્રણને મજબૂત કરવા માટે છેતરપિંડી જોખમ વ્યવસ્થાપન પર એક માસ્ટર પરિપત્ર બહાર પાડ્યો છે, અને છેતરપિંડીની તપાસમાં ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કરવા પણ કહ્યું છે. 15 જુલાઈના રોજ બહાર પાડવામાં આવેલા પરિપત્રમાં હવે છેતરપિંડી જોખમ વ્યવસ્થાપનની વાત આવે ત્યારે બોર્ડ અને વરિષ્ઠ વ્યવસ્થાપનની ભૂમિકાઓ અને જવાબદારીઓ નક્કી કરવા માટે બોર્ડ દ્વારા માન્ય નીતિની જરૂરિયાત ફરજિયાત કરવામાં આવી છે. સુધારેલા પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે જેને કારણદર્શક નોટિસ આપવામાં આવી હતી તેમને આ નોટિસનો જવાબ આપવા માટે ઓછામાં ઓછો 21 દિવસનો વાજબી સમય આપવામાં આવશે.